ગાંધીનગર સમાચાર
તા. ૮-૧૧-૨૦૧૪, શનિવાર

## તંત્રી સ્થાનેથી....

### વડનગરમાં મેડિકલ કોલેજ મંજૂર

સત્તર વર્ષની વયે ઘરબાર છોડી સંઘના પ્રચારક બની ગયેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'ભૂવો ધૂણે તોય નારિયેળ ઘર ભણી જ ફેંકે' અને 'ઊંટ મરે ત્યારે પણ મારવાડ સામું જુએ' જેવી કહેવતોને સાર્થક ઠેરવતો નિર્ણય કરીને સૌને આશ્ચર્યચકિત કરી દીધા છે. મોદીએ વડાપ્રધાન બન્યા પછી માદરે વતન વડનગરમાં ૩૦૦ બેડની હોસ્પિટલ સાથેની મેડિકલ કોલેજ મંજૂર કરાવીને માતૃભૂમિ - જન્મભૂમિનું ઋણ ઉતારવાનો પ્રયાસ કર્યો છે. સામાન્ય સંજોગોમાં વડનગર મેડિકલ કોલેજ તો શું, સાધારણ આર્ટ્સ - કોમર્સ માટે સરખી જગ્યા મળી હોત તો રાજી થઇ ગયું હોત. વડનગર જૂના ગુજરાત ('આનર્ત')ની રાજધાનીનું નગર છે, પરંતુ છેલ્લા ઘણાં વર્ષોથી એ ઉપેક્ષિત હાલતમાં રહ્યું છે. ખેરાલુ તાલુકાના સૌથી મોટા ગામ તરીકે ઓળખાતા આ નગરમાં નાગરોના કુળદેવતા ભગવાન હાટકેશ્વરનું પ્રાચીન મંદિર આવેલું છે. વડનગરા નાગરોએ દુનિયામાં ડંકો વગાડ્યો છે, પરંતુ આજે વડનગરમાં સમ ખાવા પૂરતાં એક પણ નાગર કુટુંબ બચ્યું નથી. પરંતુ જે વડનગરને તાલુકા મથક બનવા માટે વર્ષો સુધી લાંબી લડાઇ લડવી પડી એને મેડિકલ કોલેજ મેળવવા કશું જ કરવું પડ્યું નથી. ડો. દ્વારકાદાસ જોષી જેવી સર્વોચ્ચ નેતા અને ડો. વસંત પરીખ સરખા બૌદ્ધિક નેતાના ગામમાં આ બેઉ ડોકટરો દ્વારા સેવાયેલી નાગરિક મંડળ આંખની હોસ્પિટલ દંતકથારૂપ બની ગયેલી. જાણીતા લોકસેવક ડો. કનુભાઇ કળસરિયાને આ હોસ્પિટલમાં જ ડો. વસંત પરીખના સંસ્કારવારસો સાંપડ્યો હતો. મોદીએ વડનગરની એમની શાળાના શિક્ષકોનું જાહેર બહુમાન કરીને તો ગુરૂ ઋણ અદા કરી જ દીધું હતું, પણ દરેક જિલ્લામાં મેડિકલ કોલેજ ફાળવવાની રાજય સરકારની નીતિ મુજબ મહેસાણા જિલ્લાના ફાળે આવતી આવી કોલેજ મહેસાણા, વિસનગર, વિજાપુર કે ઊંઝા જેવાં મોટા અને વધારે પ્રગતિશીલ નગરોને ફાળવવાને બદલે વડનગરને ફાળવતાં મોદીના વતનપ્રેમની દંતકથાઓ શરૂ થઇ જાય તે સ્વાભાવિક છે. વડનગરમાંથી ચાની દુકાન ચલાવતા એક સામાન્ય ઘાંચી પરિવારનો દીકરો સ્વપુરૂષાર્થ બળે ભારતના વડાપ્રધાનપદ સુધી પહોંચ્યો છે એ ઘટના જ આખા પંથક માટે ગૌરવ લેવા જેવી છે. પરંતુ મોદી ફક્ત વાતોનાં વડાં કરનારા નેતા નથી. એ નક્કર પરિણામ આપનારા લોકપુરૂષ છે. તાનારીરી અને નરસિંહ મહેતા સાથે સંકળાયેલી આ પ્રાચીન કલાનગરીમાં હવે અદ્યતન મેડિકલ કોલેજ-કમ-હોસ્પિટલ સ્થપાતાં સમસ્ત પંથકને શ્રેષ્ઠ તબીબી સારવાર મળી રહેશે, એટલું જ નહીં - અહીંના વિદ્યાર્થીઓને મેડિકલ સાયંસનો અભ્યાસ કરવા અમદાવાદ-વડોદરા-જામનગર કે સુરત સુધી લાંબા નહીં થવું પડે. પાટણ અને વડનગર - બેઉ ઉત્તર ગુજરાતમાં ઐતિહાસિક 'હેરિટેજ' કક્ષાનાં નગર છે. બેઉ નગરોને મેડિકલ કોલેજ મળી છે અને પાટણમાં તો હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું વડું મથક પણ છે. મુખ્યમંત્રી આનંદીબેન પટેલનો મત વિસ્તાર અને કાર્યક્ષેત્ર રહેલું પાટણ અને મોદીનું વહાલું વતન વડનગર બેઉને રાજયોગ સાચા અર્થમાં ફળ્યો છે. અભિનંદન!

## આપણી માનસિકતા

આજકાલ આપણી આસપાસ માહિતીનો અતિરેક થઈ રહ્યો છે. તેમાંથી ઘણી માહિતી કાં તો હળાહળ ખોટી હોય છે અથવા તો એના ખાસ સંદર્ભ વગર, ધરાર અનર્થ થાય તે રીતે રજૂ થાય છે. આથી બધા પ્રકારના લોકો, પોતાની પ્રોડક્ટ, સેવા, મનગમતી વ્યક્તિ કે વિચારધારાનો પ્રચાર બેફામ રીતે કરવા માંડ્યા છે. એનાં માધ્યમો છે ટી.વી., રેડિયો, છાપા, મેગેઝીનો, મોબાઈલ ફોન, ઈ-મેઈલ, વોટ્સ અપ, એસ.એમ.એસ.વગેરે.

આજે ખાસ તો વાત કરવી છે ઈ-મેઈલ અને વોટ્સ-અપની. આજે મોટાભાગના યુવાનો માટે આ બંને અનિવાર્ય થઈ પડ્યા છે. આથી જ માર્કેટિંગના લોકો એનો સૌથી વધુ ઉપયોગ કરે છે. એ નિર્દોષ ટૂચકાઓ કે બોધકથાઓ સુધી સીમિત હોય ત્યાં સુધી સારું છે પણ એમાં બકવાસ, પ્રચારાત્મક ગંદકી પણ હોય છે. મોટા ભાગના સેલિબ્રીટી જે કંઈ બોલે (મોટે ભાગે બાફે કે ભરડે, જાણી જાઈને કે અજાણતાં) તે ટીવીની ભાષામાં બ્રેકિંગ ન્યૂઝ બની જાય છે. આથી કોઈ કંઈક બોલ્યું તેનો અર્થ શું, દૂર રાજયના કોઈ નાના ગામમાં કોઈએ આપઘાથ કર્યો કે ખૂન થયું, દેશની કે વિદેશની કોઈ નટી સગર્ભા બની (કે એવું લાગે છે,) આ બધી વાતો નેશનલ ન્યુઝ બની જાય છે. એના વિશે કોમેન્ટ્સ, અભિપ્રાયો, ટૂચકાઓ, ટી.વી. પર (કહેવાતા) બૌદ્ધિકોની ચર્ચા શરૂ થઈ જાય છે. ઓફિસોમાં, કિટી પાર્ટીઓમાં કે આખો દિવસ વોટ્સઅપમાં ચોંટેલા રહેતા ટીન એજર્સ અને પોતાને આધુનિક માનતી યુવાન ગૃહિણીઓ માટે તો એ રસપ્રદ વિષયો બની જાય છે.

રોજ સવારે મેઈલ ચેક કરતી વખતે પચાસ ટકાથી વધુ મેઈલ્સ તો આવા નકામા, તમારી વિચારધારાને ગૂંચવનારા હોય છે. એમાં મોદી અને નહેરૂ હોય, શંકરાચાર્ય અને સાંઈબાબા હોય, હિન્દુ અને મુસલમાન હોય, સલમાન અને કેટરીના હોય, ટાગોર અને 'જન ગણ મન'ની રચનાનો ઉદ્દેશ હોય. આ માહિતીનું મૂળ () તમને ના મળે. મોટે ભાગે એને સાચું માની લોકો એને અન્યોને ફોરવર્ડ કર્યા કરે છે. આમ આવી ઘણી ધડમાથા વગરની વાતો જનસમાજમાં ફેલાયા કરે છે. આ બધી વાતો, ખબર નહીં કયું જ્ઞાન વધારે કરે છે અને ધારો કે વધારો કરતી હોય તો એની કોઈ વ્યક્તિના વિકાસમાં શું ફેર પડ્યો? આ બધા આપણા આજના મહત્ત્વના વિષયો છે કે જેના વિશે દરેક જાણવું જરૂરી છે.

દુઃખની વાત એ છે કે આ વાતોનો ફેલાવો કરનાર, અન્ય સ્વરજનોને, મિત્રોને આ (અ)જ્ઞાન વહેંચનારા પુખ્ત વયના પ્રોફેશનલો, રિયાટર્ડ અધિકારીઓ પણ છે જે પોતે ખરેખર માનસિક રીતે પુખ્ય, વિચારોમાં ગંભીર અને સમાજના સ્વાસ્થ્ય અંગે સાચૂકતા ચિંતિત છે. કઠણાઈ એ છે કે તેઓ કદાચ વોટ્સઅપ પર કે મેઈલ પર આવતી માહિતીને સત્ય માને છે - ભલે એ માહિતીનું મૂળ ગોપનીય હોય. તો એમને એમ નહીં થતું હોય કે આવી વાતો બીજા ચાર જણાને ફોરવર્ડ કરવાથી એમને શું ફાયદો થશે? મેઈલમાં મળેલી આ વાત કેટલી સાચી હશે એ વિષે બે ઘડી વિચાર નહીં કરવાનો? આથી તો અફવાઓ, જુઠ્ઠાઓનો ફેલાવો નહીં થાય?

આપણે હવે પુસ્તકો નથી વાંચતા, મહાપુરૂષોના જીવન ચરિત્રો વાંચવાનો સમય નથી. આથી મેઈલ અને વોટ્સઅપ આપણા શિક્ષણનું માધ્યમ બની ગયા છે. શું આપણું લોકશિક્ષણ આટલું છીછરું અને અધકચરું રહેશે? ગંગાને શુદ્ધ કરવાની બહુ વાતો કરીએ છીએ પણ આખા દેશના લોકોના મગજમાં જે ગટરો ઠલવાયા કરે છે તેની ચિંતા ખરી કે નહીં?

### ૬ ગોલ્ડ, ૯ સિલ્વર તથા ૧૧ બ્રોન્ઝ સાથે

# ઈન્ટરનેશન કરાટે ચેમ્પિયનશીપમાં ગાંધીનગરના ખેલાડીઓનો ઉત્કર્ષ દેખાવ

ગાંધીનગર તા. ૭

વડોદરાના ગુજરાત રીફાઈનારીના કોમ્યુનીટી હોલમાં વાડોકાઈ ઈન્ટરનેશનલ કરાટે ચેમ્પિયનશીપ-૨૦૧૪નું આયોજન કરવામાં આવ્યું હતું.



તા. ૧ અને ૨ નવેમ્બર ૨૦૧૪ના રોજ યોજાયેલી આ ચેમ્પીયનશીપમાં ભારત તથા નેપાળના ચુનીંદા ખેલાડીઓએ ભાગ લીધો હતો.

ભારતની ટીમમાં કલર બેલ્ટ તથા બ્લેક બેલ્ટ એમ બંને વિભાગોમાં મળીને ગાંધીનગરના કુલ ૩૦ ખેલાડીઓની પસંદગી કરવામાં આવી હતી. કુમીતે (ફાઈટ) તથા કાતા (ફોર્મ) બંને વિભાગોમાં ગાંધીનગરના ખેલાડીઓએ ભાગ લીધો હતો. સેન્સેઈ ગૌરાંગ રાણા, દર્શન સુથાર અને યોગેશ વિશ્વકર્માના માર્ગદર્શનમાં આ ટીમ તૈયાર થઈ હતી. તેમાં ૬ ગોલ્ડ, ૯ સિલ્વર અને ૯ બ્રોન્ઝ મેડલ મેળવ્યા હતા. ગોલ્ડ મેડલ મેળવનાર ખેલાડીઓમાં સર્વ શ્રી (૧) મીત પટેલ (૨) કર્મજીત જેતાવત (૩) પૂન્ય ઠક્કર (૪) દક્ષ રાણા (૫) પ્રથમ બિહોલા (૬) સુહાન પરમાર સીલ્વર મેડલ મેળવનાર ખેલાડીઓમાં (૧) લીપ્સી ભટ્ટ (૨) ધ્રુવ શાહ (૩) કૃતિક યાદવ (૪) હનુ પરમાર (૫) ધિમહી જેતાવત (૬) શ્રૃષ્ટિ ચંપાવત (૭) યશરાજસિંહ ચંપાવત (૮) અંકિત પંચાલ (૯) પવન ઠાકોર તથા બ્રોન્ઝ મેડલ મેળવનાર (૧) દેવ પટેલ (૨) રીયા મિત્રા (૩) રીયા શરીન (૪) પર્વ શાહ (૫) મંથન મોઢ (૬) યશેશ જેઠવા (૭) શીવ પટેલ (૮) ઓમ કપુર (૯) પ્રાચી ગજ્જર (૧૦) એબીન રોઝ તથા (૧૧) મન બારોટ હતા.

વિજેતા ટીમને વાડોકાઈ કરાટે અકેડમીના ટેકનીકલ ડાયરેક્ટર સિહાન અરવિંદ રાણા તથા સંરક્ષક શ્રી જગતભાઈ કારાણીએ અભિનંદન આપ્યા હતા.

## હરિની દૃષ્ટિ...




આ સેલીબ્રેશનનું અનુસંધાન નવી સરકાર સાથે નથી... આ તો જુની સરકાર ગઇ તેનો હરખ અમારી પાર્ટી ઉજવે છે...!!

## આબુમાં યોજાયેલ એડવેન્ચર કેમ્પમાં સી.એમ. હાઈસ્કૂલના ૩૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો

ગાંધીનગર, તા. ૭

બાળકો સાહસિક બને અને કોઈપણ પરિસ્થિતિમાં નિર્ભયતાપૂર્વક નિર્ણય લઈ શકે તેવા હેતુથી શાળાઓ દ્વારા એડવેન્ચર પ્રોગ્રામ કરવામાં આવે છે. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ક્રિએટીવ ઝોન અને રોક ઝોન એડવેન્ચર દ્વારા માઉન્ટ આબુમાં એડવેન્ચર કેમ્પ યોજવામાં આવ્યો હતો.

સેક્ટર-૨૩ સ્થિત સર્વવિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શાળાઓના બાળકોને આબુ ખાતે લઈ જવામાં આવ્યા હતા. ક્રિએટીવઝોન અને ચેક ઝોન એડવેન્ચર ગૃપ દ્વારા એડવેન્ચર કેમ્પ યોજવામાં આવ્યો હતો. કેમ્પમાં શાળાના ૩૨ વિદ્યાર્થી સહિત બે શિક્ષક અને આચાર્ય જોડાયા હતા.

અભ્યાસ ઉપરાંત વિદ્યાર્થીઓ પોતાની કિશોરાવસ્થામાં કંઈક નવુ જાણે તે માટે ડબલરોપ ક્રોસિંગ, રેપલીંગ, જીપલાઈન, રોક ક્લેમ્બીંગ અને ટ્રેકીંગ કરાવવામાં આવ્યું હતું. શિશિર ઋતુ પગલા પાડી રહી છે ત્યારે વિદ્યાર્થીઓને આબુ ખાતેના એડવેન્ચર કેમ્પમાં ખૂબ જ મજા પડી હતી. કેમ્પમાં વિદ્યાર્થીઓની શારીરિક વિકાસ થાય, સાહસવૃત્તિ વધે અને નીડરતાથી નિર્ણય લે તે માટે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

# ધોરણ-૧૦ બોર્ડની પરીક્ષાના ફોર્મ સોમવારથી ભરી શકાશે

### શાળાઓને ઈન્ડેક્ષ નંબર-પાસવર્ડ મોકલી દેવાયા : ઓનલાઈન ફોર્મ ભરવા માટે કામગીરીનો પ્રારંભ કરાશે

અમદાવાદ, તા.૦૭

ધોરણ-૧૦ની આગામી માર્ચ ૨૦૧૫માં લેવામાં આવનાર બોર્ડની પરીક્ષા માટેના ઓનલાઈન ફોર્મ ભરવાની કામગીરીનો પ્રારંભ આગામી સોમવારથી કરવામાં આવશે જ્યારે ધોરણ-૧૨ના ફોર્મ ૧૫ નવેમ્બરથી ભરી શકાશે. આ ફોર્મ ભરવા અંગે તા. ૧૩ નવેમ્બરના રોજ શિક્ષણ બોર્ડ દ્વારા દરેક શાળાઓને માર્ગદર્શન પણ આપવામાં આવશે. આ માટે શિક્ષણ બોર્ડ દ્વારા તાજેતરમાં જ દરેક શાળાઓને ઈન્ડેક્ષ નંબર અને પાસવર્ડ પણ મોકલી આપવામાં આવ્યો છે. નોંધપાત્ર છે કે આ વખતે ખાનગી ઉમેદવારો પણ કોઈપણ શાળામાંથી પરીક્ષા માટે ફોર્મ ફરી શકે તેવી વ્યવસ્થા શિક્ષણ બોર્ડ દ્વારા કરવામાં આવી છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા માર્ચ ૨૦૧૫માં લેવામાં આવનાર છે. આ પરીક્ષાનાં સફળ આયોજન માટે શિક્ષણ બોર્ડ દ્વારા અત્યારથી જ તડામાર તૈયારી શરૂ કરી દેવામાં આવી છે. જે અંતર્ગત દિવાળી વેકેશન પૂર્ણ થતાંની સાથે જ શિક્ષણ બોર્ડ દ્વારા પરીક્ષાના ઓનલાઈન ફોર્મ ભરવાની કામગીરીનો પ્રારંભ કરી દેવામાં આવશે. આ ઓનલાઈન ફોર્મ ભરવાની પ્રક્રિયા અંગે શિક્ષણ બોર્ડ દ્વારા તમામ શાળાઓને આગામી તા. ૧૩મી નવેમ્બરના રોજ ટીવી પ્રસારણ દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. આ માર્ગદર્શન કાર્યક્રમમાં હાજરી આપવા માટે શિક્ષણ બોર્ડ દ્વારા દરેક શાળાઓને સૂચના આપી દેવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે ધોરણ-૧૦ની માર્ચ ૨૦૧૪માં લેવાયેલ પરીક્ષામાં સાડા નવ લાખ જેટલા વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જો કે ચાલુ વર્ષે આ આંકડો દશ લાખને પાર કરી જાય તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે જ્યારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં પણ માર્ચ ૨૦૧૪માં પાંચ લાખ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. આ આંકડો પણ સવા પાંચ લાખ સુધી પહોંચી જાય તેવી શક્યતા છે. આ વખતે શિક્ષણ બોર્ડ દ્વારા ખાનગી વિદ્યાર્થીઓ પણ નિયત કરેલ શાળાની જગ્યાએ કોઈપણ શાળામાંથી પરીક્ષા ફોર્મ ભરી શકે તેવી વ્યવસ્થા શિક્ષણ બોર્ડ દ્વારા કરવામાં આવી છે તેમજ ચાલુ વર્ષે બોર્ડની પરીક્ષાના ફોર્મ ફરજીયાત પણે ઓનલાઈન ભરવાના રહેશે.

## રવિવારે ગુર્જર ક્ષત્રિય કડિયા સેવા ટ્રસ્ટનું સ્નેહમિલન

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરના શ્રી ગુર્જર ક્ષત્રિય કડીયા સેવા ટ્રસ્ટના સર્વ જ્ઞાતિજનોનું વાર્ષિક સ્નેહમિલન તા. ૯મી નવેમ્બરના રોજ જુના સચિવાલય કેન્ટીન હોલમાં સવારે ૧૦ વાગે યોજાનાર છે. જેમાં સમાજના તેજસ્વી તારલાઓ, શિક્ષણ રમત ગમત અને સાંસ્કૃતિક ક્ષેત્રે મેળવેલ સિદ્ધિઓ બદલ ઈનામો આપવામાં આવશે. તેમજ દાતાઓને સન્માનવામાં આવનાર છે. શ્રી શાંતિલાલ એલ. સાપરિયા, પ્રમુખશ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા સેવા ટ્રસ્ટ જણાવેલ છે.

## આજે ગાંધીનગર શહેર વસાહત મહાસંઘનો સ્નેહમિલન

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના ઉપક્રમે ગાંધીનગર શહેરના વિવિધ સેક્ટરોના વસાહત મંડળો-હોદેદારો સેક્ટરના પ્રતિનિધિઓ શહેરની વિવિધ સામાજિક સેવાકીય સંસ્થાઓ વેપારી અગ્રણીઓ વસાહતી અગ્રણીઓનું નવા વર્ષ નિમિત્તે સ્નેહમિલન સમારંભ તા. ૮મી નવેમ્બરે સાંજે ૪.૦૦ વાગે સેક્ટર-૪ ના જાહેર બગીચામાં રાખવામાં આવેલ છે. સ્નેહમિલન સમારંભમાં મુખ્ય અતિથિ તરીકે મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણા તેમજ ગાંધીનગર ઉત્તરના ધારાસભ્યશ્રી અશોકભાઈ પટેલ ઉપસ્થિત રહેશે.

શ્રી કેશરીસિંહ બિહોલા પ્રમુખશ્રી તેમજ શ્રી રાજેન્દ્રભાઈ પારેખે મહામંત્રીશ્રી ગાંધીનગર શહેર વસાહત મહાસંઘે જણાવેલ છે.

## આજે રેશનલ સમાજની બેઠક

ગાંધીનગર, તા.૭


રેશનલ સમાજ ગાંધીનગર માસિક બેઠ આજ રોજ શનિવારે સાંજે ૫-૦૦ વાગે બ્લોક નં. ૬૧/૧ 'ઘ' ટાઈપ સેક્ટર-૨૩ ખાતે યોજવામાં આવશે. સર્વે સભાસદોને બેઠકમાં હાજર રહેવા જણાવવામાં આવ્યું છે.

## નગરનો ખેલાડી અંડર-૧૭ રાજ્ય કક્ષાની ક્રિકેટ ટીમમાં પસંદગી પામ્યો

ગાંધીનગર, તા. ૭

ઈન્ડિયન ક્રિકેટ ટીમમાં ગુજરાતનો દબદબો રહ્યો છે. દેશની ટીમમાં રાજ્યના ક્રિકેટરો હંમેશા રમતા આવ્યા છે. ગાંધીનગરનો અજયરાજસિંહ જાડેજા પણ દેશની ટીમમાં રમતો જોવા મળે તો નવાઈ નહિ... નગરનો ખેલાડી મધ્યપ્રદેશ ખાતે રાષ્ટ્રીય કક્ષાની ટીમમાં રમશે.

શેઠ સી.એમ. હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ ધોરણ-૯-એ માં અભ્યાસ કરતો અજયરાજસિંહ પૂર્ણચંદ્રસિંહ જાડેજા અન્ડર-૧૭ રાજ્યકક્ષાની ક્રિકેટ ટીમમાં પસંદગી પામ્યો છે. ગાંધીનગરનો ખેલાડી આગામી ૧૨મી નવેમ્બરથી ૧૬મી નવેમ્બર દરમિયાન ગ્વાલિયર મધ્યપ્રદેશ ખાતે રાષ્ટ્રીય કક્ષાની ક્રિકેટ ટીમમાં રમશે.



અજયનો સર્વ વિદ્યાલય કેળવણી મંડળ પરિવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે. દેશની ટીમમાં રાજ્યના ખેલાડીઓનો દબદબો રહ્યો છે. ત્યારે આગામી સમયમાં નગરનો ખેલાડી અજય દેશ માટે પણ રમે તેવી શુભેચ્છા.

### ગુજરાત યુનિવર્સિટી વહીવટી તંત્રની બેવડી નીતિ

# યુનિવર્સિટીએ લૉની પરીક્ષા પાછી નહીં ઠેલતા તર્ક વિતર્ક

### સીએ માટે કોમર્સની પરીક્ષા પાછી ઠેલવવામાં આવી હતી

અમદાવાદ, તા.૦૭

આજથી સીએ ફાઈનલની પરીક્ષાનો પ્રારંભ થયો છે. સીએની આ પરીક્ષા સાથે ગુજરાત યુનિવર્સિટીની લોના અભ્યાસક્રમની પરીક્ષા પણ શરૂ થઈ છે. કેટલાક વિદ્યાર્થીઓ લોની સાથે સીએ પણ કરતા હોવાથી લોની પરીક્ષા પાછી ઠેલવા માંગ કરી હતી પરંતુ સીએની પરીક્ષાને ધ્યાનમાં રાખી કોમર્સની પરીક્ષાનો કાર્યક્રમ પાછી ઠેલનાર ગુજરાત યુનિવર્સિટીએ લોની પરીક્ષા પાછી ન ઠેલતા વિદ્યાર્થીઓમાં રોષની લાગણી ફેલાઈ છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત યુનિવર્સિટી દ્વારા વિવિદ વિદ્યાશાખાની પરીક્ષાની તારીખો જાહેર કરાઈ હતી. જેમાં કોમર્સ અને કાયદા વિદ્યાશાખાની પરીક્ષા સાથે સીએની પરીક્ષાની તારીખે એક સાથે ટકરાતી હતી જેનાં કારણે કોમર્સ અને કાયદા વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ બેમાંથી કોઈ એક પરીક્ષા આપી શકે તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું હતું. આ મામલે કોમર્સના વિદ્યાર્થીઓ દ્વારા પરીક્ષા પાછી ઠેલવા માટે માંગ કરવામાં આવી હતી. જે માંગને ધ્યાનમાં રાખી ગુજરાત યુનિવર્સિટીના સત્તાધીશો દ્વારા કોમર્સની પરીક્ષા પાછી ઠેલવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જો કે આજ માંગ કાયદાના વિદ્યાર્થીઓએ કરતાં યુનિવર્સિટી દ્વારા પરીક્ષા કાર્યક્રમમાં ફેરફાર કરવાની સ્પષ્ટ ના પાડી દેવામાં આવી છે. પરિણામે કાયદા વિદ્યાશાખાના સેમેસ્ટર પાંચના વિદ્યાર્થીઓને લો અને સીએની પરીક્ષાની તારીખો એક સાથે ટકરાતા મુંઝવણ ભરી સ્થિતિમાં મુકાઈ ગયા છે. આ અંગે ગુજરાત યુનિવર્સિટીનાં પરીક્ષા નિયામક કલ્પેન વોરાએ જણાવ્યું હતું કે એક-બે પેપરની પરીક્ષા એક સાથે આવે છે જેથી લોનાં વિદ્યાર્થીઓ કોઈ એક પરીક્ષા આપીને બીજામાં ડ્રોપ લઈ શકે છે. લો કરતાં કોમર્સનું મહત્વ વધારે છે જેથી કોમર્સની પરીક્ષામાં ફેરફાર કરાયો છે. જો કે તે જ નિયમ લોમાં લાગુ કરી શકાય નહીં. આથી કાયદા વિદ્યાશાખાને વિદ્યાર્થીઓમાં યુનિવર્સિટીની બેવડી નીતિ સામે રોષની લાગણી જન્મી છે.

## શાળામાં ૧૪-૧૯ નવેમ્બર સુધી બાળ સ્વચ્છતા સપ્તાહ

### મોદી દ્વારા દેશભરમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યા બાદ હવે શાળાઓમાં પણ સ્વચ્છતાનું અભિયાન

અમદાવાદ, તા.૦૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા દેશભરમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યુંછે ત્યારે દિવાળી વેકેશન બાદ ૧૦ નવેમ્બરના રોજ શાળાઓ શરૂ થતાની સાથે હવે વિદ્યાર્થીઓ માટે બાળ સ્વચ્છતા અભિયાન નામે એક અઠવાડીયાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

રાજ્યની તમામ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ૨૧ દિવસના દિવાળી વેકેશન બાદ આગામી સોમવારથી ફરી કાર્યરત થશે. આ વખતે શાળાઓ ખુલતાની સાથે વિદ્યાર્થીઓએ સ્વચ્છતા અભિયાનમાં જોડાવવું પડશે. કારણ કે ૧૦મી નવેમ્બરથી શાળાઓમાં એક અઠવાડીયાના બાળ સ્વચ્છતા અભિયાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ માટે શિક્ષણ વિભાગ દ્વારા દરેક શાળાઓને પરીપત્ર મોકલીને જાણ કરી દેવામાં આવી છે. આ પરીપત્રમાં વેકેશન ખુલ્યા બાદ ૧૪ થી ૧૯ નવેમ્બર દરમિયાન શાળાઓમાં ફરજીયાત પણે બાળ સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવા માટે આદેશ કરવામાં આવ્યો છે. સ્વચ્છતા અભિયાન અંતર્ગત વિદ્યાર્થીઓને પોતાની શાળા, રમતગમતનું મેદાન અને આસપાસના વિસ્તારોની સફાઈ કરવાની રહેશે. આ ઉપરાંત સ્વચ્છ ખોરાક, સ્વચ્છ શૌચાલય થીમ પર લોક જાગૃતિ લાવવા વિવિધ કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવશે. શાળાઓએ કાર્યક્રમોનું આયોજન કરીને તેનો રિપોર્ટ અને ફોટો શિક્ષણ કન્વીનરને મોકલવાનાં રહેશે.

## ચાર કરતાં વધુ વ્યક્તિઓ એક સાથે એક સ્થળે ભેગા થઈ શકશે નહિં

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો, ખાતાઓના વડાઓની કચેરીઓ, ઉધોગભવન, બહુમાળી ભવન, એમ.એલ.એ. કવાટર્સ, શાળા-કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે. અવાર-નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા અને આવેદનપત્ર આપવા સારૂ -તિનિધિ મંડળ દ્વારા રેલી સરધસ સ્વરૂપે ગાંધીનગરમાં આવતાં જતાં હોઈ અને ધ-૩ ખાતે વિવિધ મંડળો તથા વ્યકિતઓ દ્વારા -તિક ઉપવાસના કાર્યક્રમ ચાલુ હોઈ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે આ વિસ્તારોમાં તા. ૧/૧૧/૨૦૧૪ થી તા.૧૫/૧૧/૨૦૧૪ સુધીની મુદત માટે ચાર કરતાં વધુ વ્યકિતઓને એક સાથે કોઈપણ જગ્યાએ ભેગા થવા, કોઈ મંડળી, રેલી કે સરધસ કાઢવા માટે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ગાંધીનગર દ્વારા મનાઈ ફરમાવવામાં આવે છે. તેમજ ફકત ઉપવાસીઓ માટે સેકટર-૬ના પોલીસ સ્ટેશનના પાછળના ભાગે એન્ટ્રી રોડને અડીને લગભગ ૭૦મી ૬ ૫૦મી વિસ્તાર, સરકારી કાર્યક્રમો માટે મહાત્મા મંદિર, સેકટર-૧૩, ટાઉન હોલ અને સ્ટાફ ટ્રેનીગ કોલેજ, સેકટર-૧૭, સરકીટ હાઉસ, ગાંધીનગર -તિબંધ સિવાયનો વિસ્તાર જાહેર કરવામાં આવ્યો છે.



સાબરમતી રિવરફ્રન્ટમાં ટૂંકમાં જ વોટર બસ આકર્ષણનું કેન્દ્ર બનશે.